સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ખેડૂ માગણી સામે ખોટી મમત અથડાય છે!
પોતાના પાલતુથી જગત - તાત બથડાય છે!
પથરાય છે લોકશાહી માર્ગે કાંટાળી બિછાત -
કાયદો, સુરક્ષાને રાષ્ટ્રની શાંતિ લથડાય છે.

હાઈકુ

ઉજવાય છે -
- ચૌરા-ચૌરી શતાબ્દી!?
દિલ્હી સીમાડે...

કિલ્લેબંધીથી
સંપૂર્ણ સુરક્ષિત -
છે સરકાર

ચિંતન

યં ભાવં દર્શયેદસ્ય તં ભાવં સ તુ પશ્યતિ તિ ।
તં ચાવતિ સ ભૂત્વાસૌ તદ્ગ્રહઃ સમુપૈતિ તમ્ ॥

ઉપરોક્ત શ્લોક માંડુક્યઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

કોઈ વ્યક્તિ કે ગુરુ તેને (જિજ્ઞાસુ/સાધકને) જે ભાવ બતાવે, તે ભાવ પદાર્થને તે (સાધક) જુએ છે અને તેને તે રક્ષે છે. (પકડી રાખે છે), અને આમ તે પદાર્થના અભિનિવેશવાળો થઈને તે સાધક તે પદાર્થ/ભાવને પામે છે.

પરમતત્ત્વ અંગે જુદી જુદી વિકલ્પના કરનાર વિચારકોની માનસિક પ્રક્રિયાની છણાવટ અહીં જોવા મળે છે. સાદી ભાષામાં કહીએ તો 'જેની જેવી ભાવના, તેવી તેની સિદ્ધિ' ભગવદ્ગીતામાં આ ભાવનાને 'શ્રદ્ધા'નું નામ આપે છે. અને સાત્ત્વિક, રાજસી અને તામસી એવી ત્રિવિધ શ્રદ્ધા દર્શાવાઈ છે. જેની શ્રદ્ધા સાત્ત્વિક હોય તો, તે શાસ્ત્રોમાથી યે સાત્ત્વિક ભાગોને જુદા કરે છે અને તેને જ પસંદ કરે છે. એ જ પ્રમાણે રાજસી અને તામસી શ્રદ્ધા બાબતમાં સમજવું.

જેમ કોશેટાની ભીતરમાં રહેલો કીડો એકસરખો ભ્રમરનો વિચાર કરતાં અંતે સ્વયં ભ્રમર બની ને રહે છે આ એકનિષ્ઠ ધ્યાનની પરાકાષ્ઠા છે.

સુવિચાર

- ભૂલ જો થાય મિત્રોની તો માફ કર, જીભ કચડાય તો દાંત તોડાય નૈ - **અનિલ ચાવડા**
- સુદર્શન ચક્ર રાખવાનો સૌથી મોટો ફાયદો એ છે કે
  લોકો તમારી વાંસળી શાંતિથી સાંભળે છે - **સોહમ ત્રિવેદી**
- હમ ખૂમ કી કિશ્તેં તો બહોત દે ચૂકે લેકીન...
  એ ખાક-એ-વતન... કર્જ અદા કયું નહીં હોતા - **કર્નલ શર્મા**
- બૂમ અને ચીસ છે તો બંને બહેનો... બંનેમાં છે અવાજની વેધક ગતિ...
  પણ બૂમનું બ્લડગ્રુપ ફરિયાદ છે અને ચીસનું બ્લડગ્રુપ છે વેદના !! - **જીવન પાથેય**
- સજાગ બનો, સારું જુઓ, સત્કાર્યથી રંગાઓ - **સાંઈબાબા**
- સવાલ : 'ઉતાવળ' આખરે શું ?
  ઉત્તર : કલાકો ખોઈને મિનિટો બચાવવાનો બાલિશ પ્રયત્ન - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : એક ચમચી એરંડિયા સાથે ચપટી જેટલો ખાવાનો ચૂનો મિક્સ કરી, તે પેસ્ટ દાઝ્યા ઉપર લગાડવાથી રુઝ ઝડપથી આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

શિક્ષક જગતરામ પાસે એક ધનિક વેપારીનો પુત્ર અભ્યાસ માટે આવ્યો. એણે સારા એવા કીંમતી ઘરેણાં પહેરી રાખ્યા હતા. જગતરામે શેઠના દીકરાના અલંકારો ઉતારી લીધા. અભ્યાસ પૂર્ણ થયા બાદ ઘરેણાં પાછાં આપ્યા વિના જ ઘરે મોકલી આપ્યા. કુંવર ઘરે પહોંચ્યા કે તરત જ માતાએ પૂછ્યું, 'બેટા, ઘરેણાં કયાં ગયાં ? કોણે લઈ લીધાં? કુંવરે જવાબમાં કહ્યું, ' જગતરામ માસ્તરે ભણાવતાં પહેલાં ઉતારી લીધાં અને ભણાવ્યા બાદ પાછાં આપ્યા નથી.' શેઠાણી કુંવરને લઈ શેઠને મળવા દુકાને પહોંચ્યા. જોતજોતામાં આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે જગતરામ તો જગતરામ છે. વેપારી જગતરામને ઘરે પહોંચ્યા. તરત જગતરામે ઘરેણાં પરત કરતા કહ્યું, 'મેં જાણી જોઈને ઘરેણાં ઉતારી લીધં હતા મને લાગ્યું કે કોઈ આ છોકરા પાસેથી ઘરેણાં પડાવી લેશે તો ? આથી મેં સાચવીને મારી પાસે રાખ્યા હતા. અને વિચાર્યું કે તમે આવશો એટલે હાથોહાથ સોંપી દઈશ.' વેપારીએ પાછા ફરતાં સૌને કહ્યું, 'આખા ગામમાં જગતરામ જેવા ઈમાનદાર અને સમજદાર માણસ કોઈ નથી. જગતરામ નહીં એ તો ભગતરામ છે.' આખા ગામમાં સૌ જે થોડીવાર પહેલા જગતરામની નિંદા કરતા હતા. તેઓ એમના વખાણ કરવા લાગ્યા. જયારે જગતરામને આ વાતની ખબર પડી ત્યારે એમણે ચપટીમાં રાખ લઈ બે વાર નીચે ફેંકી : લોકોએ આવું કરવાનું કારણ પૂછ્યું ત્યારે જગતરામે કહ્યું, 'આ એક ચપટી રાખ એ નિંદાની ચપટી છે અને બીજી ચપટી એ પ્રશંસાની છે. બંને ફેંકી દેવા જેવી છે.' સાર એ જ છે કે દુનિયા નિંદા કરે કે પ્રશંસા એના પર ધ્યાન આપવું જોઈએ નહીં.

કિસાનો સાથે સમાધાન કરવા કેન્દ્ર સરકાર તૈયાર

તંત્રીસ્થાનેથી...

ઘણા લાંબા સમયથી ચાલી રહેલા ખેડૂત આંદોલનની ગૂંજ સંસદમાં સતત પડધાતી રહી છે. વિપક્ષો એ રાષ્ટ્રપતિના અભિભાષણમાં પણ ગેરહાજર રહી એમનો વિરોધ દર્શાવ્યો એ પછી સત્રમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પણ ઘણી આકરી ટીકાઓ પણ થઈ. છેલ્લે વડાપ્રધાને ધન્યવાદ પ્રસ્તાવના સમાપન વખતે રાજયસભામાં આપેલ ભાષણ એમની રાજકીય સમજણ અને કુનેહ દર્શાવે છે. એમણે ખેડૂતો સાથે વાતચીત કરવાની અને સમાધાનનો માર્ગ અપનાવવાની તૈયારી દર્શાવી છે. કૃષિ સુધારા ખેડૂતોના હિતમાં જ કર્યા હોવાનું કહી માર્કેટયાર્ડો તથા ટેકાના ભાવો મુદ્દે ખાતરી આપી છે. ખેડૂતોને જે દહેશત છે તેવું કશું જ થવાનું નથી - લઘુત્તમ ટેકાના ભાવો તથા મંડીઓ અકબંધ રહેશે, ખેડૂતો એમની વાત પણ અડેલા છે. તેઓને પૂરો શક છે કે સરકારે કૃષિ સુધારાવાળા કાયદા ઉદ્યોગપતિઓના લાભાર્થે કર્યા છે. ખેડૂત વખત પૂરતો લાલચમાં આવી કોર્પોરેટ કંપનીઓ સાથે કરાર કરી બેસશે અને અંતે એમનો 'બોન્ડેડ લેબરર' બની જશે. ખેડૂતો પાસેથી એમની જમીન ઝૂંટવી લેવાનો આ સરકાર અને ઉદ્યોગપતિઓએ ભેગા મળીને રચેલો કારસો છે, એવી પાકી સમજ સાથે પંજાબ - હરિયાણા અને ઉત્તર પ્રદેશના ખેડૂતો લાંબા વખતથી આંદોલન ચલાવી રહ્યા છે. એ પણ સમજી ગયા છે કે આંદોલનને જેટલું સમર્થન વિદેશમાંથી મળી રહ્યું છે એટલું દેશમાંથી નથી મળી રહ્યું. સરવાળે આંદોલન દિલ્હી આસપાસનાં રાજયોમાં ખેડૂતો પૂરતું મર્યાદિત બની ગયું છે. રાજકીય સમર્થન વગર આંદોલન ચલાવવાનો નિરધાર કરનાર ખેડૂત આગેવાનો હવે રાજકીય પાર્ટીઓના આગેવાનો સાથે ફોટા પડાવતા થઈ ગયા છે. ટૂંકમાં એ બધા થાક્યા છે. સરકાર આખરે સરકાર છે. કૃષિ કાયદા પાછા ખેંચીને એ વિપક્ષોને જશ અપાવવા હરિગજ તૈયાર નથી. હા, ખેડૂતોને જે જે મુદ્દે આશંકા છે એનું સમાધાન કરવા એ તૈયાર છે. મોદીએ કુનેહપૂર્વક ખેડૂત નેતાઓ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે. પરંતુ એમની સાથે આંદોલનમાં ભાગ લઈ રહેલા લોકોને 'પરોપજીવી', 'આંદોલનજીવી' જેવા શબ્દોથી નવાજ્યા છે. આ જ બધા ચહેરા કોઈ પણ જાતના દેખાવો અને આંદોલનોમાં સામેલ હોવાનું કહી એમણે આંદોલનમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહેલ યુવા પેઢીની ફીરકી લીધી છે. ખેડૂત નેતાઓને આવી કોમેન્ટ ગમી નથી, છતાં એમણે વડાપ્રધાન સાથે ફરીથી સમાધાન માટેની બેઠક કરવાની તૈયારી દર્શાવી છે. વડાપ્રધાને અગાઉ કહેલું કે હું તો ખેડૂતોથી ફક્ત એક ફોન કૉલના અંતરે બેઠો છું. ત્યારે રાકેશ ટિકૈત જેવા પ્રખર ખેડૂત નેતાએ કહ્યું હતું કે અમને વડાપ્રધાનનો ટેલિફોન નંબર તો આપો! અમે વાત કરવા તૈયાર છીએ. આંદોલનને વૈશ્વિક સેલિબ્રિટીઝનો ટેકો મળતાં સરકાર છંછેડાઈ ગઈ હતી તે સર્વિદિત છે. કશી જાણકારી વગર જ આવાં નિવેદનો પૈસા આપીને કરાવાતાં હોવાના સરકારી નિવેદન પછી ખાલિસ્તાની ચળવળ સાથે સંકળાયેલ એનઆરઆઈની સંડોવણી પણ ચર્ચા છે. મોદીએ વિદેશી સેલિબ્રિટીઝને 'ફોરેન ડિસ્ટ્રક્ટિવ આઈડીયોલોજી' કહી ભાંડી છે. આ નવી જાતની 'એફડીઆઈ'નો ખેડૂત નેતાઓ બચાવ કરી શકે એમ નથી. આથી સ્વાભાવિક રીતે જ ખેડૂત આગેવાનો ઢીલા પડ્યા છે. એમને પણ લાંબુ ખેંચવામાં મજા નથી, એવું લાગવા માંડ્યું છે. બીજી તરફ સરકારની તરફેણમાં અને વિદેશી સેલિબ્રિટીઝની વિરુદ્ધમાં દેશની એકતા અને અખંડિતતાના મુદ્દે અક્ષયકુમાર અને સુનીલ શેટ્ટીથી લઈ સચીન તેંડુલકર તથા લતા મંગેશકર સુધીની દેશી સેલિબ્રિટીઝ પાસે એક સરખા ટ્વિટ કરાવવાના મુદ્દે સરકારના દબાણ હેઠળ આવાં નિવેદનો કરાવાઈ રહ્યાં હોવાનો આક્ષેપ થયો છે. મહારાષ્ટ્ર સરકારે તો એ મુદ્દે તપાસ પણ માંડી છે. આગામી સમયમાં આવી રહેલ ચાર રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી માટે પડકાર સમી છે. તે યેનકેન પ્રકારેણ જે રાજયોમાં સત્તા પર છે ત્યાં સત્તા કાયમ રહે અને પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસને હરાવી ભારતીય જનતા પાર્ટી સત્તા પર આવે, એવી વ્યૂહરચના કરી રહી છે. તમિલનાડુમાં ભાજપ પોતાના બળ પર સત્તા મેળવઈ શકે એવી શક્યતા નહીં હોવાથી એ સમાધાન કરીને સત્તામાં ભાગીદારી કરવા માગે છે. તમિલનાડુને બાદ કરતાં દરેક રાજયમાં 'રામ' ભરોસે ચૂંટણી જીતવાની છે. રામમંદિરનો મુદ્દો બહુમતી હિંદુ સમાજ માટે આસ્થાનો વિષય છે. કોંગ્રેસ વિભાજિત છે, નેતૃત્વની કટોકટી અનુભવી રહી છે જયારે ભારતીય જનતા પાર્ટી પાસે મોદી જેવા નેતા છે અને અમિત શાહ જેવા વ્યૂહરચનાકાર છે. વચ્ચે ઉત્તરભારત પૂરતો ખેડૂતનો વિરોધ છે તે શમાવી દેવા સરકાર પણ કૃતસંકલ્પ લાગે છે. વાણિયામૂછ નીચી વાળી નીતિ અપનાવી સરકાર કદાચ કૃષિ કાયદા પાછા ખેંચી લે તો પણ નવાઈ ન લાગવી જોઈએ.

'તારી જાતને મારા લાયક બનાવ...'

નવાં કલેવર

નટવર હેડાઉ

કૃતાર્થ અને કિંજલના ડિવોર્સ થયાને બે વર્ષ થઈ ગયાં હતા. છતાં કૃતાર્થ તેને ભૂલી શકતો ન હતો. વેલેન્ટાઈન વીકના ચોથા દિવસે તેણે 'ટેડી ડે' નું મોટું ટેડી લઈને તેને પહોંચાડવાનો મનસુબો કર્યો હતો. પણ કિંજલ તરફથી છેલ્લા ત્રણ દિવસથી કોઈ રીસ્પોન્સ નહીં મળવાથી તે ખુબ નિરાશ હતો.

સાત વર્ષ પહેલાંના એ દિવસો તેને યાદ આવ્યા. ઉત્તરાયણના તહેવારમાં બર્ડ રેસ્ક્યુ ટીમમાં જોડાયેલી કિંજલને જોતાં જ એ આકર્ષાયો હતો. કિંજલ કાંઈ બહુ રૂપાળી હતી એવું પણ નહોતું. પણ એક કબૂતરને બચાવવા જે રીતે તે ઝાડ પર ચડી ગઈ હતી તે જોઈ એક બ્રેવ ગર્લની છાપ તેના આકર્ષણનું કદાચ કારણ બની હતી.

ઈન્દ્રોડા પાર્કમાં થયેલી એની એ પહેલી મુલાકાતની યાદો હજુ તેના દિમાગમાં આજે પણ એવી જ અકબંધ સચવાયેલી પડી હતી.

બર્ડ વોચિંકના બહાને તેની સાથે તે જોડાયો ત્યારે તેને ખબર પડી કે કિંજલના બીજા પણ અનેક બોયફ્રેન્ડસ હતા. તે પપ્પાની કાર લઈ એક વખત તેને લોંગડ્રાઈવ પર લઈ ગયો ત્યારે આ સ્માર્ટ ગર્લે લાગણીના જે ઈન્દ્રધનુષી રંગોથી તેને રંગી દીધેલો તેના લીધે તે હવે તેના વીના રહી શકે તેમ ન હતી. તેમની વચ્ચે મુલાકાતો વધતી ગઈ. જાન્યુઆરી પુરો થયો અને ફેબ્રુઆરી માસ આવ્યો ત્યાં સુધીમાં બંને એકબીજાં ગળાડુબ પ્રેમમાં ઓતપ્રોત થઈ ગયાં હતાં.

વેલેન્ટાઈન વીકમાં કિંજલે તેનું લાલ ગુલાબ સ્વીકારતાં તેણે પણ પ્રપોઝ ડે ના દિવસે કિંજલને પોતાના હૈયાંની વાતથી વાકેફ કરી અને બંને એ ખુલ્લેઆમ પ્રેમનો એકરાર કર્યો. બીજા દિવસે ચોકલેટ ડે હતો. કૃતાર્થે પ્રેમપૂર્વક તેને ચોકલેટ ખવડાવી તો કિંજલે પણ મીઠાં મોંએ તેને એક ચુંબન આપી દીધું. ટેડી ડેના દિવસે તેણે આપેલ ટેડી સામા ખૂણામાં પડ્યું છે તેની તરફ કૃતાર્થ જોતો રહે છે અને તે ફરી એકવાર એ દિવસોમાં ખોવાઈ જાય છે. હાં, બરાબર વેલેન્ટાઈન ડેના દિવસે જ તેની સગાઈ ગયેલી. કૃતાર્થ ખુબ ખુશ હતો. ત્રણેક મહિના બંને ખુબ ફર્યા. અમદાવાદની કોઈ હોટલ કે ગાંધીનગરનો કોઈ બગીચો એવો ન હોય જયાં તેમણે એકાંતની પળો વિતાવી ન હોય. તેમની આ મુલાકાતોથી પ્રેમપદાર્થ ઘટ્ટ થઈ ગયો હતો.

બગીચામાં મુક્ત આલિંગન અને ચુંબનથી હવે બંને આગળ વધી સઘળી મર્યાદાઓ ઉલ્લંઘી ગયાં હતાં. એટલે લગ્ન જાણે અનિવાર્ય થઈ પડ્યા હતા. કૃતાર્થ જે રીતે કિંજલ પર ઓળઘોળ થઈ ખર્ચ કરતો હતો. તે જોઈને ખુશ હતો. પણ તેની આ ખુશી લગ્નનાં થોડાં સમયમાં જ ખોવાઈ ગઈ અને વાસ્તવિકતા મોં ફાડી આવી ઊભી રહી ત્યારે તેને કૃતાર્થ જેવા સામાન્ય મધ્યમ વર્ગના યુવક સાઓથે લગ્ન કરવા માટે અફસોસ થવા લાગ્યો કારણ કે બંને વચ્ચે મુગ્ધતા, આવેશ અને વિજાતીય આકર્ષણ ધીમે ધીમે ઓછું થવા લાગ્યું હતું. તેને જૂના બોયફ્રેન્ડ યાદ આવતા હતા. જે તેને કયારેક બીએમડબલ્યુમાં ફરવા લઈ જતાં અને ફાઈવ સ્ટારમાં બ્રેક ફાસ્ટ કરાવતા હતા.

કૃતાર્થની સામાન્ય નોકરીમાં હવે જલસાને બહુ અવકાશ ન હતો. વળી તેનું સ્થળાંતરણ પણ સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારમાં થઈ ગયું હતું. જયાં જવા તે બિલકુલ તૈયાર ન હતી. તેણે શહેરમાં જ રહી સ્પર્ધાત્મક પરીક્ષા આપવાનો નિર્ણય કર્યો. કૃતાર્થે મને કમને તે સ્વીકારવો પડ્યો. શનિ-રવિ કે રજાના દિવસોમાં જ હવે તેઓ મળી શકતાં હતા. બંનેના માર્ગ ફંટાઈ ગયા હતા. તેમાં એક ખાસ ઘટના બની. કૃતાર્થની મહેનત અને પૈસે ભણીને આગળ વધી રહેલી કિંજલને સચિવાલયમાં સર્વીસ મળી ગઈ. હવે તેને કૃતાર્થની કંઈ પડી ન હતી. કૃતાર્થ જયારે આવે ત્યારે તેની સાથે ઝઘડાઓ થવા લાગ્યા હતા. તે કૃતાર્થને કહેતી કે 'મારી જેમ તું તારી જાતને સફળ બનાવી બતાવ' તારી આ ટૂંકી આવકમાં હું તારી સાથે જીવી નહીં શકું. તે હવે બીજા યુવાનો સાથે ફ્લર્ટ કરવા લાગી હતી. દિવાળીના તહેવારમાં કૃતાર્થ તેની સાથે રહેવા આવ્યો પણ તે કોઈની સાથે મદ્રાસ જતી રહી હતી. છેવટે ચાર વર્ષના લગ્નજીવનમાં ભંગાણ પડ્યું અને વાત ડિવોર્સ સુધી આવી ગઈ. કૃતાર્થ હજુ તેને ભૂલી શકતો નથી. દેવદાસની જેમ તેણે દાઢી વધારી દીધી છે. તેને હજુ વિશ્વાસ છે કે એકને એક દિવસ કિંજલ જરૂર પાછી આવશે. જો કે તે ફોન કરે ત્યારે કિંજલ ફોન તો ઉપાડે જ છે. પછી એ જ વાત કરે છે. 'તારી જાતને મારા લાયક બનાવ' અને એ આશાનો તંતુ કૃતાર્થને છળે છે. વિશ્વાસ સાથે એ ફેસબુકના સ્ટેટ્સમાં ભગ્ન હૃદયના પ્રેમના વલોપાતને વ્યક્ત કરતી શાયરીઓ મુકે છે. પણ કિંજલ તો પોતાની એક નવી જ દુનિયામાં વિહરે છે.

આજ 'ટેડી ડે' છે પણ કૃતાર્થને લાગે છે કે તે પોતે જ એક મોટું ટેડી બની ગયો છે જેને કિંજલે એક ખૂણામાં ફેંકી દીધું છે.

તેઓ અંગત સ્વજનનાં મૃત્યુ સમયે પણ મન મૂકીને રડી શકતા નથી

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક નાનું શહેર. એ શહેરમાં એક નાનું સંયુક્ત કુટુંબ રહે. એ કુટુંબમાં ત્રણ ભાઈઓ, ત્રણેય ભાઈઓની પત્નીઓ, ત્રણેય ભાઈઓનાં થઈને કુલ પાંચ બાળકો અને એ ભાઈઓના વૃધ્ધ માતા-પિતા. ત્રણેય ભાઈઓનો વારસાગત સંયુકત વ્યવસાય. પિતા વ્યવસાયમાં કાર્યરત હતા ત્યાં સુધી વ્યવસાયનો અને ઘરનો મુખ્ય કારોબાર તે ચલાવતા અને ત્રણેય ભાઈઓ તેમાં મદદ કરતાં. પિતાએ વ્યવસાયમાંથી સ્વૈચ્છીક નિવૃતી લઈ સામાજીક કાર્યોમાં પ્રવૃત થયા પછી સૌથી મોટા દીકરાએ પોતાની બધી જ જવાબદારી સ્વીકારી લીધી અને તેમનાં ભાઈઓએ પણ મોટાભાઈએ લીધેલી જવાબદારીને સહર્ષ વધાવી લીધી. ત્રણેય ભાઈઓનુ વ્યવસાયમાં કાર્ય વિભાજન અને ત્રણેય વહુઓનું ઘરમાં પણ કાર્ય વિભાજન એટલે વ્યવસાયમાં કે ઘરકામમાં કામ કે જવાબદારીને લઈને કોઈ જ પ્રકારનો કંકાસ કે કલેશ નહીં. કુટુંબમાં સૌ આનંદથી રહે. ઘરમાં નાના-મોટા તહેવારોને ઉજવવાનો ખૂબ જ ઉત્સાહ એટલે આનંદ-મંગલથી તહેવારો ઉજવાય. સૌ હસતા રહે. હસાવતા રહે. એ કુટુંબનાં બધા જ સભ્યો મહેમાન ભૂખ્યા. તેમનાં ઘેર કોઈ મહેમાન આવે તો ઘરમાં કોઈ તહેવાર કે પ્રસંગ હોય એવો માહોલ બની જાય. કુટુંબનાં બધા જ સભ્યોનો પ્રેમભર્યો વ્યવહાર અને તેમનાં ચહેરા ઉપર આતિથ્ય ભાવનાનો આનંદ છલકાયા કરે.

એ સયુંકત કુટુંબમાં એક ભાઈ જે ત્રણેય ભાઈઓમાં વચલો. એ વચલો ભાઈ ઘરના બધા જ સભ્યોમાં થોડો અપવાદરૂપ. તે ભાઈ એકદમ અલાયદો. કુટુંબનાં બધા જ સભ્યો જયારે આનંદ કરતાં હોય અને હસી-મજાકના હિલોળે ચડ્યા હોય ત્યારે એ વચલો ભાઈ મૂંગો મંતર થઈ બેસી રહે. ઘરે કોઈ મહેમાન આવ્યા હોય અને મહેમાન સાથે બેસીને સૌ આનંદથી વાતો કરતાં હોય ત્યારે એ વચલો ભાઈ બધાની સાથે બેસવાને બદલે કોઈ ને કોઈ બહાનું કાઢીને બીજા ઓરડામાં અથવા ઘરની બહાર જતો રહે. ઘરમાં બધા વિખરાઈ જાય પછી જ પરત ઘેર આવે. મહેમાન આવ્યા હોય ત્યારે એ વચલો ભાઈ શક્ય હોય ત્યાં સુધી સૌની સાથે ભોજન લેવાનું પણ ટાળે. કાં તો એ સૌની પહેલા ભોજન લઈ લે અથવા તો સૌનાં પછી.. તેમના કુટુંબીજનો પણ તેમનાં સ્વભાવને ઓળખી ગયા એટલે તે જેમ કરે તેમ કરવા દે અને એ બાબતમાં તેને રોકટોક નાં કરે. એ વચલા ભાઈના કુટુંબીજનો તો ઠીક પણ તેની પત્નિ પણ એવો જ અભિપ્રાય આપે કે "એ તો એવો જ છે, તેમને માણસો વચ્ચે બેસવું ગમે નહીં અને માણસો પણ બહુ ગમે નહીં"

કોઈપણ વ્યક્તિની આ વચલા ભાઈ જેવી મનોવૃતિ હોય તો એ એક માનસીક રોગ છે. આ પ્રકારના માનસિક રોગનો ભોગ બનનાર વ્યકિતઓના વર્તન અને વ્યવહાર ક્યારેક આપણી સમજ બહારનાં હોય છે. સામાન્ય વ્યકિતને સામાજીક સંબંધો, વ્યકિતગત સંબંધો અને સમૂહમાં હળવા-મળવાથી જે આનંદ અને ખુશી મળતા હોય છે એ આનંદ અને ખુશી આ પ્રકારના માણસો લૂંટી શકતા નથી અને ભોગવી શકતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો આ પ્રકારના રોગથી પીડાતા લોકોમાં એક એવી મોટી માન્યતા ઘર કરી ગઈ હોય છે કે સામાજીક સંબંધો માત્ર વ્યવહાર પૂરતા જ હોય છે, એ સંબંધો થકી ક્યારેય આનંદ પ્રાપ્ત થઈ શકે નહીં. એ લોકો એટલું માનતા હોય છે કે સંબંધો માત્ર ઔપચારિક જ હોય શકે, કોઈ જ સંબંધ ક્યારેય અનૌપચારિક હોય શકે જ નહીં.

આ પ્રકારની દ્રઢ માન્યતાને કારણે આ લોકો સંબંધોને ક્યારેય ગંભીરતાથી લઈ શકતા નથી. તેઓ પોતાની જાતને સામાજીક સંબંધોથી અલગ રાખવા માટે સતત પ્રત્યન્ન કરતાં હોય છે. તેઓ પોતાનાં સંબંધીઓ, સમાજથી, લોકોથી હંમેશા દૂર રહેવાનું જ પસંદ કરતાં હોય છે, સંબંધીઓને હળવા-મળવાનું ટાળતા હોય છે. આ પ્રકારનાં મનોરોગીઓ પોતાની આ પ્રકારની માનસિકતાની પરાકાષ્ઠા એ હોય છે કે તેઓને સંબંધો અને સંબંધીઓ પ્રત્યે ચીડ ચડતી હોય છે. સંબંધો અને સંબંધીઓ પ્રત્યેની તેઓની ચીડને કારણે એ લોકો ન તો નવા સંબધો વિકસાવવામાં રસ લે છે, ના કોઈ સંબંધોને નિભાવવામાં રસ લે છે. તેઓ સતત રીતે સંબંધો અને સંબંધીઓથી દૂર ભાગતા ફરતા રહે છે.

પેલા વચલા ભાઈની આ પ્રકારની માનસિકતાને સમર્થન આપતા એ વ્યકિતનાં કુટુંબીજનોએ પણ ઘણી માહિતી આપી. એ કુટુંબનાં કોઈ સગા-સંબંધી બહારગામથી એ શહેરમાં કોઈ કામકાજ અર્થે આવ્યા હોય અને એ વચલો ભાઈ તેઓને શહેરમાં ક્યાંય જોઈ જાય તો તેમની પાસે સામેથી જઈને મળવાનું તો એકબાજુ રહ્યું. ઊલટાનું તે પોતાનું મોઢું ફેરવી લે અથવા તો પોતાનો રસ્તો બદલાવી નાંખે. ક્યારેક એવું પણ બને કે પેલા સગા-સંબંધીએ એ વચલા ભાઈને જોયો, બંનેની નજર મળી હોય છતાં એ વચલો ભાઈ એવું વર્તન કરીને દૂર ચાલ્યો જાય કે જાણે તેણે પેલા સંબંધીને જોયા જ નથી. એ વચલા ભાઈના આ પ્રકારના વર્તનને કારણે એ કુટુંબના અન્ય સભ્યોને પોતાનાં સંબંધીઓ સામે ઘણીવાર ક્ષોભજનક કે શરમજનક પરિસ્થિતિમાં મુકાવું પડતું હોય છે.

કોઈપણ વ્યક્તિએ પોતાના જીવનમાં ડગલેને પગલે બાંધછોડ કરતી રહેવી પડતી હોય છે. સંબંધોના વિશ્વમાં બાંધછોડ અનિવાર્ય છે. બાંધછોડ થકી જ સંબંધો ટકી શકતા હોય છે અને વિકસતા હોય છે. આ પ્રકારના મનોરોગીઓ પોતાની જાત સાથે ક્યારેય બાંધછોડ કરી શકતા નથી. એ લોકો પોતાની દિનચર્યા અને પોતાનાં જીવનની દરેક પ્રવૃતિઓમાં એટલા જડ બની ગયા હોય છે કે એ લોકો કોઈપણ પ્રકારનું નુકશાન વેઠવા તૈયાર હોય છે પણ બાંધછોડ કરવા તૈયાર નથી હોતા. તેમાંય ખાસ કરીને સામાજીક સંબંધોની બાબતોમાં. સામાજીક સંબંધો તો શું ક્યારેક તો એ લોકો પોતાનાં કુટુંબીજનો, પોતાનાં જીવનસાથી કે બાળકો સાથે પણ બાંધછોડ કરી શકતા નથી. આ પ્રકારની વૃતિને કારણે પોતે તો દુઃખી થતાં હોય છે પણ સાથે સાથે અન્ય લોકોને પણ દુઃખી કરતાં રહેતા હોય છે.

(ક્રમશઃ)

અજબ સવાલોના ગજબ જવાબો

મનના ઉમંગો

રણછોડ પરમાર

સાઈઠ વર્ષ પહેલાં એચ. એન. ગોલીબાર નામની વ્યક્તિએ ચક્રમ નામનું એક મેગેઝીન બહાર પાડ્યું હતું. બધી ઉંમરના લોકોને આનંદ મળે તેવા વિભાગો એમાં લખવામાં આવતા. વાર્તાઓ, લેખો, રમતગમત અને ફિલ્મી જગતના લેખો સહિત વિવિધ વિષયો પરના લેખો વગેરે તેમાં છપાતા હતા. થોડા વરસો પહેલાં આ મેગેઝીનનું નામ બદલીને ચંદન રાખવામાં આવ્યું છે. પણ ચક્રમના ચાહકોને કોઈ સમજફેર ના થાય એટલે ચંદન નામની મથાળે નાના અક્ષરમાં હજીયે ચક્રમ લખવામાં આવે છે. વિભાગોમાં થોડાઘણા ફેરફાર કરવામાં આવ્યા હશે. મેં ઘણા વરસથી આ મેગેઝીન વાંચવામાં આવ્યું નથી. એટલે હાલ તેમાં શું આવે છે તેની પાકી ખબર નથી.

આ મેગેઝીનની એક ખાસિયત એ છે કે તેમાં એકપણ જાહેરખબર આવતી નથી. કેવળ લવાજમ ઉપર આ મેગેઝીન ચાલે છે એ બહુ મોટી સફળતા ગણાવી જોઈએ. છેલ્લા એકતાલીસ વરસથી જાહેરખબર વિના ચાલતા મેગેઝીન તરીકે તેને લિમ્કા વર્લ્ડ રેકર્ડબુકમાં તેને સ્થાન પ્રાપ્ત થયું છે. ચક્રમ શરુ થયા પછી અનેક મેગેઝીન ચાલુ થયાં છે અને અનેક મેગેઝીન બંધ પડ્યાં છે. પણ ચક્રમ-ચંદન હજીયે અડીખમ છે. અને ઘણા વરસ લગી એને આંચ આવે તેવું લાગતું નથી. આમ તો સાહિત્ય જગતમાં આ બાબતની નોંધ લેવાવી જોઈએ પણ હકીકત એ છે કે અસંખ્ય વાચકોને તેની કશી જ ખબર નથી હોતી.

એમાં " અજબ સવાલોના ગજબ જવાબો " નામનો એક વિભાગ ખુબ લોકપ્રિય હતો. વાચકોને ગમ્મત પડે તેવા જાતજાતના સવાલો એમાં પૂછાતાં અને તંત્રીશ્રી એચ. એન. ગોલીબાર એવા જ ગમ્મતભર્યા જવાબો આપતાં. જેમ તેમનું નામ ગોલીબાર હતું તેમ તેમના પુત્રનું નામ એટમ હતું અને પત્નિનું નામ ફટાકડી હતું. આ લોકોને સ્પર્શતા સવાલોના જવાબો વાચનારાને ખુબ આનંદ આપતા. શ્રી ગોલીબારના અવસાન પછી તેમના પુત્ર એટમે આ વિભાગ ચાલુ રાખ્યો છે.

અખંડ આનંદમાં શ્રી બંસીધર શુક્લ જાતજાતના પ્રશ્નોના ઉત્તર આપતા હતા. સફારી મેગેઝીનમાં વિજ્ઞાનવિષયક પ્રશ્નોના જવાબ આપવામાં આવે છે. ગુજરાત સમાચારમાં દર બુધવારે શ્રી અશોકભાઈ દવે એંકાઉટર વિભાગમાં રમૂજ પડે તેવા સવાલોના રમૂજ પડે તેવા જવાબો આપે છે. આપણા ગાંધીનગર સમાચારમાં દર શુક્રવારે ખજાનો વિભાગમાં (લેખક શ્રી અનિલભાઈ પટેલ) જ્ઞાનને લગતા સવાલો પૂછવામાં આવે છે. તેમાં અમારા મિત્રશ્રી મૂળજીભાઈ પરમાર "દધિ" નું નામ દર વખતે સાચા જવાબો આપનારાઓમાં વાંચીને આનંદ થાય છે. ગાંધીનગર સમાચારના એક લેખ શ્રી અનંતભાઈ પટેલે ફેસબુક પર " રંગીન સવાલોના સંગીન જવાબો" એવું એક લખાણ કર્યું છે તે વાંચવા જેવું છે.

જાન્યુઆરી- ૨૦૨૧ ના "ઓળખ" સામયિકમાં મોજ મઝા મસ્તી વિભાગમાં શ્રી કાંતિલાલ જો. પટેલે " વિચિત્ર પ્રશ્નો" શિર્ષક હેઠળ કેટલાક રસપ્રદ પ્શ્રો અને તેના ઉત્તર આપ્યા છે. એ વાંચીને મને આ લેખ લખવાનું મન થયું છે. તમે પણ આ પ્રશ્નો વાંચો, વિચારો અને જવાબ આપવા પ્રયત્ન કરો.

(૧) તમે તમારા જમણા હાથે પકડી શકશો, પણ ડાબા હાથે કદી એ પકડી શકશો નહીં, એવું શું છે ?

(૨) નમીએ તો દાઢીએ અડકે અને ઊભા થઈએ તો છાતીએ અડકે એ શું ?

(૩) સોનું ફેંકો રૂપું ખાઓ એ શું ?

(૪) ઊંડી ગુફામાં જતાંમાં અંધગોપ આવ્યું. ખુબ અંધારું. બેટરી હતી, બગડી ગઈ. આગળ જતાં કેરોસીન ભરેલ તૈયાર ફાનસ હતું. પાસે જ મીણબતી તૈયાર હતી. વળી એક કોડિયું તેલ ભરેલ દિવેટ સાથે તૈયાર હતું. પાસે દિવાસળી તો હતી જ. તો તમે પહેલું શું સળગાવશો ?

(૫) નાલાયકને લાયક બનાવી શકશો ? કેવી રીતે ?

(૬) સ્ત્રી પોતાના વિધુર પતિના ભાઈને પરણી શકે ?

(૭) દિવાળી, બેસતું વરસ, ભાઈબીજ વીતી ગઈ ને ત્રીજના દિવસે એક વિધુર બોલ્યા " દિવાળી યે આવી નહીં, મારે તો મુશ્કેલી થઈ." આવું કેમ બોલ્યા હશે ?

(૮) વૈજ્ઞાનિકોએ પાણી પર ચાલવા હોડી, દૂરની વસ્તુ જોવા દૂરબીન શોધ્યું, પણ ભીતની આરપાર જોવા કંઈ શોધ્યું છે ?

(૯) ,એક જ છત્રી નીચે સાત/આઠ વિધ્યાર્થી ઊભા હતા, છતાં કોઈ જરા પણ પલળ્યા નહીં. તો એ કેમ ?

(૧૦)પ્રશ્ન એ છે કે ઉત્તર શું છે ?

(૧૧)બહેરો કાતર લેવા શું કરે ? બે આંગળથી કાપવાની નિશાની કરે ? ના. તો શું કરે ?

જવાબોઃ-

(૧) ડાબા હાથની કોણી (૨)ગળાનો હાર(૩) કેળું (૪) દિવાસળી (૫) હા, ના કાઢી નાખો. (૬?) પત્નિ મર્યા પછી તો પતિ વિધુર થાય તો મરેલી પત્નિ ક્યાંથી પરણવાની ? (૭) કામવાળીનું નામ દિવાળી હશે.(૮) હા, બારી (૯) વરસાદ પડતો નહીં હોય (૧૦) દિશા (૧૧)બહેરો છે મૂંગો નથી, કાતર માંગી લેશે.

બાળકોના મેગેઝીનોમાં જાતજાતના ઉખાણાં આપવામાં આવતાં હોય છે. ગુર્જર પ્રકાશન તરફથી આવું ઉખાણાને લગતું એક પુસ્તક પણ બહાર પડ્યું છે. હાલમાં રણજીતરામ ગધ્યસંચયનો બીજો ભાગ વાંચી રહ્યો છું તેમાં " બચપણના વિનોદો" નામનો એક મોટો લેખ શ્રી રણજીતરામે લખ્યો છે. તેમાં જૂના જમાનાનાં ઘણાં ઉખાણાં આપવામાં આવ્યાં છે. આપને જો ઉપરની વાતો ગમી હોય તો આવતી વખતે આપણે રણજીતરામના લેખની કેટલીક વાતો કરીશું અત્યારે રજા આપશો.